ફી નિયમન સમિતિ –સ્વનિર્ભર શાળાઓ
અમદાવાદ ઝોન
કાર્યાલય :- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ગોતા- ઓગણજ રોડ, એસ.જી.હાઈવે,ગોતા
ઈ-મેઈલ :-frcahmedabad@gmail.com

જા.પ.ક્ર.:- ૩૧૫૮ તા:- 20/7/18

૧. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ,૨૦૧૭ અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ ના નિયમ-૧૧(૧) અન્વયે **શ્રી આદર્શ મા.અને ઉ.મા.વિદ્યાલય, હડદડ, તા.બોટાદ**ના અધિકૃત પ્રતિનિધિએ **તારીખ-૧૦/૦૩/૨૦૧૮**ના રોજ નમૂના-૪ માં સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં સદર શાળા દ્વારા નીચે મુજબ ફી વિગતો દર્શાવવામાં આવેલ છે.

| Sr. No. | Standard | Medium | | Fee collected Charged | | Fee For academic Year 2018-19 | Increased/ decreased |
|---|---|---|---|---|---|---|---|
| | | Gujarati | English | 2016-17 | 2017-18 | | |
| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) | (8) |
| 1. | 9 | Gujarati | - | 7500 | 9000 | 9925 | 925 |
| | 10 | Gujarati | - | 9000 | 10500 | 11900 | 1400 |
| | 11 TO 12 SCI | Gujarati | - | 24000 | 26250 | 30000 | 3750 |
| | 11 TO 12 COM | Gujarati | - | 9000 | 10500 | 11900 | 1400 |

૨. "ફી નિયમન સમિતિ" દ્વારા ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ ના નિયમ-૧૧(૧) થી મળેલ સત્તાની રૂએ **શ્રી આદર્શ મા.અને ઉ.મા.વિદ્યાલય, હડદડ, તા.બોટાદ** દ્વારા રજૂ કરવામાં આવેલ ઉકત સોગંદનામા તથા સોગંદનામા સાથે સામેલ સંદર્ભો અન્વયે ચકાસણી હાથ ધરવામાં આવેલ. સમિતિને સદર સોગંદનામા ચકાસણી અંતે યોગ્ય જણાયેલ છે. આથી **વર્ષ ૨૦૧૮-૧૯** માં સદર શાળાએ દર્શાવેલ ઉકત ફીને નીચેની શરતોને આધિન ફી નિયમન સમિતિ દ્વારા માન્ય (APPROVE) કરવામાં આવે છે.

**શરતો.**

૧. શાળા દ્વારા વાર્ષિક કુલ ફી ની રકમ પૈકી વધુમાં વધુ ત્રિમાસિક ધોરણે ફી વસૂલ કરી શકશે.એક જ સમયે ત્રિમાસિક ફી કરતાં વધુ લેવામાં આવેલી ફી અંગે અધિનિયમ અને નિયમોની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. ફી નિયમન સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા નોટીસ બોર્ડ તથા શાળાની વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

૩. ફી નિયમન સમિતિએ નક્કી કરતાં વધુ ફી જો શાળા દ્વારા લેવામાં આવી હશે તો વિધાર્થી/વાલીને આ હુકમ થવાના દિન-૩૦માં સરભર/પરત આપવાની રહેશે.

૪. નિયમન સમિતિ દ્વારા નકકી કરવામાં આવેલ ફી જો શાળાએ ખરેખર લીધેલ ફી કરતાં વધુ હશે તો તફાવતની રકમ જે-તે વિધાર્થી/વાલી શાળાને નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરવાની રહેશે.

૫. સરકારીશ્રીના પ્રવર્તમાન ઠરાવો/પરીપત્રો/સૂચનો તથા ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

**ફી નિયમન સમિતિ,અમદાવાદ ઝોનના તા.૨૫/૦૬/૨૦૧૮ ના નિર્ણયાનુસાર.**

(એચ.આર.ચાવડા)
કો.ઓર્ડિનેટર ફી નિયમન સમિતિ
અને
જિલ્લા શિક્ષણાધિકારી - બોટાદ